# ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ

પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,બ્લોક નં.૧૨ પહેલો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન ગાંધીનગર.

## જિલ્લા શિક્ષણ સમિતિ / નગર શિક્ષણ સમિતિની પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયક (ધોરણ ૧ થી ૫ અને ધોરણ ૬ થી ૮ - અન્ય માધ્યમ) ની ભરતી અંગેની જાહેરાત વર્ષ:૨૦૨૧

જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિ હસ્તકની શાળાઓમાં વિદ્યાસહાયક (ધોરણ ૧ થી ૫ અને ધોરણ ૬ થી ૮) અન્ય માધ્યમ (અંગ્રેજી, હિન્દી, મરાઠી, ઉર્દુ, ઉડિયા) માટે જિલ્લા/નગર શિક્ષણ સમિતિ દ્વારા મળેલ માંગણી પત્રક મુજબ નીચે દર્શાવેલ જગ્યાઓ મેરીટના ધોરણે ભરવા માટે તા.૨૭/૦૪/૨૦૧૧ તથા વખતો વખતના સુધારા ઠરાવ અન્વયે નિયત કરેલ શૈક્ષણિક તેમજ તાલીમી લાયકાત ધરાવતા અને શિક્ષણ વિભાગના જાહેરનામા ક્રમાંક:GH/SH/૦૨/PRE/૧૧-૨૦૧૬/SF-૬/K, તા૨૦/૦૧/૨૦૧૭ના પસંદગી પ્રક્રિયાના નિયમોની જોગવાઇ અન્વયે મેરીટયાદી તૈયાર કરવા ઉમેદવારો પાસેથી નિયત નમૂનામાં ઓન-લાઇન અરજીઓ મંગાવવામાં આવે છે.

| જાહેરાત ક્રમ | ભરતીનો પ્રકાર | માધ્યમ | વિષય | સામાન્ય (Gen.) | અ.જાતિ (SC) | અ.જ.જાતિ (ST) | સા.શૈ.પ.વર્ગ (SEBC) | આર્થિક રીતે નબળા વર્ગ (EWS) | કુલ | કુલ પૈકી 3% મુજબશારીરિક અશક્તતા ધરાવતા (PH) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૦૧ ૨૦૨૧ | ધોરણ ૬ થી ૮ | અન્ય માધ્યમ | ગણિત વિજ્ઞાન | ૬ | ૧૦ | ૧૦૧ | ૧૫ | ૧૩ | ૧૪૫ | ૪ |
| | | | ભાષાઓ | ૬ | ૪ | ૩૨ | ૬ | ૫ | ૫૩ | ૧ |
| | | | સામાજિક વિજ્ઞાન | ૧ | ૦ | ૧૦ | ૩ | ૩ | ૧૭ | ૦ |
| ૦૨ ૨૦૨૧ | ધોરણ ૧ થી ૫ | અન્ય માધ્યમ | - | ૪૨ | ૪૧ | ૨૧૩ | ૪૯ | ૪૦ | ૩૮૫ | ૯ |

**અન્ય માધ્યમના વિદ્યાસહાયકો માટે જાહેરાતમાં દર્શાવેલ કેટેગરીના ઉમેદવારો ઉપલબ્ધ નહિ થાય તો આ જગ્યાઓ નિયત લાયકાત ધરાવતા બિન અનામત ઉમેદવારોથી શિક્ષણ વિભાગના ક્રમાંક;પીઆરઇ/૧૧૧૫/સીસી-૧૩૯-ક,તા.૦૮/૧૨/૨૦૧૫ ના પત્ર સંદર્ભે સા.વ.વિભાગના તા.૧૬/૦૩/૧૯૯૬ના ઠરાવક્રમાંક-પવસ/૧૦૯૩/મ-૧૭(ભાગ-૨)-ગ-૪ ના ફકરા-૨ ની જોગવાઇને આધીન ભરવામાં આવશે. આ ભરતી માટે નિયત લાયકાત ધરાવતા બિન અનામત ઉમેદવારો ઉમેદવારીપત્રો ભરી શકશે.**

જાહેરાતમાં દર્શાવેલ અનામત વર્ગ અને શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારોની જગ્યાઓ જે તે જિલ્લા/નગર શિક્ષણ સમિતિના રોસ્ટર ક્રમાંક/માંગણાપત્રક આધારે દર્શાવેલ છે.

(૧) ભરતી અંગેનું ઓનલાઇન અરજી પત્રક વેબસાઇટ http://vsb.dpegujarat.in ઉપર તા.૦૬/૦૪/૨૦૨૧ સવારના ૧૧:૦૦ કલાકથી તા.૧૯/૦૪/૨૦૨૧ ના રોજ બપોરના ૧૫:૦૦ કલાક સુધી ભરી શકાશે.

(૨) જિલ્લા/નગર શિક્ષણ સમિતિની ભરવાપાત્ર જગ્યાઓની વિગત, શૈક્ષણિક લાયકાત, પગાર-ધોરણ, વયમર્યાદા, વયમર્યાદામાં છુટછાટ, પસંદગી પ્રક્રિયાના નિયમો, સ્વીકારકેન્દ્રોની યાદી, ઓનલાઇન અરજીપત્ર ભરવા માટેની સુચનાઓ અને સામાન્ય સુચનાઓ તેમજ ભરતી સંદર્ભે જરૂરી તમામ ઠરાવો/પરિપત્રો ઉપરોક્ત વેબસાઇટ પર ઉપલબ્ધ છે. તેનો કાળજીપૂર્વક અભ્યાસ કરીને જ અરજી કરવાની રહેશે.

(૩) સ્વીકાર કેન્દ્રમાં અરજીપત્ર જમા કરાવવાની છેલ્લી તા.૧૯/૦૪/૨૦૨૧ (૧૭.૦૦ કલાક સુધી) છે.

તા.30/03/૨૦૨૧
સ્થળ:-ગાંધીનગર

ડૉ. એમ.આઇ.જોષી
અધ્યક્ષ
ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ અને
પ્રાથમિક શિક્ષણ નિયામક,
ગુજરાત રાજ્ય ગાંધીનગર.